Civil Services (Main)
Examination- 2025

SLPM-U-GJT

ગુજરાતી / GUJARATI

પેપર I / Paper I

(સાહિત્ય) / (LITERATURE)

સમય મર્યાદા : **ત્રણ** કલાક *Time Allowed : **Three** Hours*	મહત્તમ ગુણ : **250** *Maximum Marks : **250***

પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :

*અહીં **બે વિભાગમાં આઠ** પ્રશ્નો વહેંચવામાં આવ્યા છે.*

*ઉમેદવારે બધામાંથી **પાંચ** પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.*

*પ્રશ્ન ક્રમાંક **1** અને **5** ફરજિયાત છે અને દરેક વિભાગમાંથી ઓછામાં ઓછો **એક** પ્રશ્ન પસંદ કરી અન્ય **ત્રણ** ઉત્તર આપવાના રહેશે.*

પ્રશ્નની સાથે એના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

*ઉત્તર **ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં)** લખવાના રહેશે.*

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે ત્યાં શબ્દસંખ્યાની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નોના જવાબ અનુક્રમમાં ગણવામાં આવશે. જો છેકવામાં નહીં આવે તો અપૂર્ણ જવાબ પણ ગણવામાં આવશે. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈપણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

Question Paper Specific Instructions

Please read each of the following instructions carefully before attempting questions :

*There are **EIGHT** questions divided in **TWO SECTIONS**.*

*Candidate has to attempt **FIVE** questions in all.*

*Question nos. **1** and **5** are compulsory and out of the remaining, any **THREE** are to be attempted choosing at least **ONE** question from each section.*

The number of marks carried by a question / part is indicated against it.

*Answers must be written in **GUJARATI (Gujarati script)**.*

Word limit in questions, wherever specified, should be adhered to.

Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.

Optional Province · optionalprovince.com

SECTION A

Q1. આશરે 150 શબ્દોમાં સમીક્ષાત્મક નોંધ લખો : *10×5=50*

(a) ગુજરાતી ભાષાના ઉદ્‌ભવની પ્રથમ ભૂમિકાનો વિગતે પરિચય કરાવો. *10*

(b) પટ્ટણી બોલીની લાક્ષણિકતાઓ દર્શાવી તેનાં સાત દૃષ્ટાંતો આપો. *10*

(c) નરસિંહ પૂર્વેના જૈન સાહિત્યનો પાંચ કૃતિઓ સહિત સંક્ષિપ્ત પરિચય કરાવો. *10*

(d) નવલરામે વિવેચન ક્ષેત્રે કરેલા પ્રદાનનો ખ્યાલ આપો. *10*

(e) સૉનેટકાર તરીકે બ.ક. ઠાકોરનું મૂલ્યાંકન કરો. *10*

Q2. સમીક્ષાત્મક ઉત્તરો આપો :

(a) ગુજરાતી ભાષાનાં ધ્વનિઘટકોનો પરિચય કરાવો. *20*

(b) પંડિત યુગમાં નાટક ક્ષેત્રે થયેલ ખેડાણનો વિગતે પરિચય કરાવો. *20*

(c) કાકાસાહેબ કાલેલકરના પ્રવાસ સાહિત્યનું મૂલ્યાંકન કરો. *10*

Q3. સમીક્ષાત્મક ઉત્તરો આપો :

(a) ગુજરાતી કથાસાહિત્ય ક્ષેત્રે નારીસર્જકોના પ્રદાનનું મૂલ્યાંકન કરો. *20*

(b) ઉમાશંકર જોશી અને સુન્દરમ્‌ની સર્જકપ્રતિભાનો પરિચય કરાવો. *20*

(c) નિરંજન ભગત અને ગુલામ મોહમ્મદ શેખની કવિતામાં જોવા મળતાં આધુનિકતાવાદી વલણોની સાધાર ચર્ચા કરો. *10*

Q4. સમીક્ષાત્મક ઉત્તરો આપો :

(a) મધ્યકાલીન ભક્તિકવિતાના વિવિધ પ્રવાહોનો પરિચય કરાવો. *20*

(b) સુધારક યુગના સાહિત્યકારની સાહિત્યસેવાનો પરિચય કરાવો. *20*

(c) નહાનાલાલનાં ભાવપ્રધાન નાટકો અને ગદ્યગ્રંથોનું મૂલ્યાંકન કરો. *10*

Optional Province · optionalprovince.com

SECTION B

Q5. આશરે 150 શબ્દોમાં ઉત્તરો આપો : *10×5=50*

(a) 'ભરતેશ્વર બાહુબલિ રાસ' સહિત મધ્યકાળની પાંચ રાસકૃતિઓનો પરિચય કરાવો. *10*

(b) લોકનાટ્ય ભવાઈનો પરિચય કરાવી અસાઈતના પ્રદાનને મૂલવો. *10*

(c) લલિતનિબંધનાં લક્ષણો દર્શાવી સુરેશ જોષીની નિબંધકલાનું મૂલ્યાંકન કરો. *10*

(d) ભાલણ અને ભોજાનાં પદોનો પરિચય કરાવો. *10*

(e) શામળ પૂર્વેની અને પછીની પદ્યવાર્તાની પરંપરાનો વિગતે પરિચય કરાવો. *10*

Q6. સમીક્ષાત્મક ઉત્તરો આપો :

(a) કથાસાહિત્યનાં બે મુખ્ય સ્વરૂપો નવલકથા અને ટૂંકીવાર્તા વચ્ચેનો ભેદ સદૃષ્ટાંત સ્પષ્ટ કરો. *20*

(b) ગુજરાતી ગઝલક્ષેત્રે થયેલા વિભિન્ન પ્રકારના પ્રયોગોની સદૃષ્ટાંત ચર્ચા કરો. *20*

(c) લલિત નિબંધના સ્વરૂપ વિકાસમાં પ્રવીણદરજી અને ભગીરથ બ્રહ્મભટ્ટના પ્રદાનને મૂલવો. *10*

Q7. સમીક્ષાત્મક ઉત્તરો આપો :

(a) નવલકથા અને નાટક ક્ષેત્રે 'દર્શક' અને જયંતિ દલાલના પ્રદાનને મૂલવો. *20*

(b) લોકસાહિત્ય સંશોધન ક્ષેત્રે ઝવેરચંદ મેઘાણી હરિવલ્લભ ભાયાણી અને હસુ યાજ્ઞિકના પ્રદાનને મૂલવો. *20*

(c) ટૂંકીવાર્તાના સ્વરૂપમાં થયેલા પ્રયોગો સંદર્ભે મધુ રાય અને કિશોર જાદવની વાર્તાઓ મૂલવો. *10*

Q8. સમીક્ષાત્મક ઉત્તરો આપો :

(a) સૈદ્ધાન્તિક વિવેચનક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનારા પાંચ વિવેચકોના વિવેચનનો પરિચય કરાવો. *20*

(b) ગીતરચનાના સંદર્ભે રાજેન્દ્ર શાહ અને રમેશ પારેખની ગીતકાર તરીકેની વિશેષતાઓ વર્ણવો. *20*

(c) આખ્યાનના સ્વરૂપ સંદર્ભે પ્રેમાનંદ કૃત 'કુંવરબાઈનું મામેરું'ની સમીક્ષા કરો. *10*

Optional Province · optionalprovince.com